# GUJARATI A1 – STANDARD LEVEL – PAPER 1
# GOUJARATI A1 – NIVEAU MOYEN – ÉPREUVE 1
# GUJARATI A1 – NIVEL MEDIO – PRUEBA 1

Tuesday 21 May 2002 (afternoon)
Mardi 21 mai 2002 (matin)
Martes 21 de mayo de 2002 (mañana)

1 hour 30 minutes / 1 heure 30 minutes / 1 hora 30 minutos

---

INSTRUCTIONS TO CANDIDATES

- Do not open this examination paper until instructed to do so.
- Write a commentary on one passage only. It is not compulsory for you to respond directly to the guiding questions provided. However, you may use them if you wish.

INSTRUCTIONS DESTINÉES AUX CANDIDATS

- Ne pas ouvrir cette épreuve avant d'y être autorisé.
- Rédiger un commentaire sur un seul des passages. Le commentaire ne doit pas nécessairement répondre aux questions d'orientation fournies. Vous pouvez toutefois les utiliser si vous le désirez.

INSTRUCCIONES PARA LOS ALUMNOS

- No abra esta prueba hasta que se lo autoricen.
- Escriba un comentario sobre un solo fragmento. No es obligatorio responder directamente a las preguntas que se ofrecen a modo de guía. Sin embargo, puede usarlas si lo desea.

નીચેની કવિતા <u>અથવા</u> ફકરાઓમાંથી ગમે તે <u>એક</u> પર વિવેચન કરો :

(૧ અ)

## વૈષ્ણવ જન

વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પરદુ:ખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.
વૈષ્ણવ જન૦

સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
વૈષ્ણવ જન૦

મોહ માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વૈષ્ણવ જન૦

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વાથકી અસત્ય ન બોલે, પરધન ઝાલે નવ હાથ રે.
વૈષ્ણવ જન૦

વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યાં રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે.
વૈષ્ણવ જન૦

નરસિંહ મહેતાનાં પદો
પંદરમી સદી

→ આ કાવ્યમાં સાચા વૈષ્ણવજનની રજૂઆત પર વિવેચન કરો.

→ આ કાવ્યમાં કવિએ જે કાવ્યબાની વાપરી છે તેના પર નોંધ લખો.

→ આ કાવ્યની રચના તેનો અર્થ પામવામાં કઈ રીતે ઉપકારક નીવડે છે તેની ચર્ચા કરો.

→ કાવ્યવિષય અંગે કવિનો શું ભાવ છે? તેને કઈ રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે?

૧બ

મે' 'સભ્યતા' કેળવવાનો ગજા ઉપરવટનો ને છીછરો માર્ગ લીધો. જોકે વિલાયતી પણ મુંબઈના કાપનાં કપડાં સારા અંગ્રેજ સમાજમાં ન શોભે તેથી 'આર્મી ને નેવી' સ્ટોરમાં કપડાં કરાવ્યાં. ઓગણીસ શિલિંગની (આ કિંમત તે જમાનામાં તો બહુ જ ગણાય) 'ચીમની' ટોપી માથા ઉપર ઘાલી. આટલેથી સંતોષ ન પામતાં બૉન્ડ સ્ટ્રીટમાં જ્યાં શોખીન માણસોનાં કપડાં સિવાતાં ત્યાં સાંજનો પોશાક દસ પાઉંડમાં દીવાસળી મૂકી કરાવ્યો. ભોળા ને બાદશાહી દિલના વડીલ ભાઈની મારફતે ખાસ સોનાનો અછોડો, બે ખીસાંમાં લટકાવાય તેવો મંગાવ્યો ને તે મળ્યો પણ ખરો. તૈયાર બાંધેલી ટાઈ પહેરવી તે શિષ્ટાચાર ન ગણાય, તેથી ટાઈ બાંધવાની કળા હાથ કરી. દેશમાં તો અરીસો હજામતને દહાડે જોવાને મળતો. પણ અહીં તો મોટા અરીસાની સામે ઊભા રહી ટાઈ બરોબર બાંધવામાં અને વાળને પટિયાં પાડી બરોબર સેંથો પાડવામાં રોજ દસેક મિનિટનો ક્ષય તો થાય જ. વાળ મુલાયમ નહીં, એટલે તેને ઠીક વળેલા રાખવાને સારું બ્રશ (એટલે સાવરણી જ ના !)ની સાથે રોજ લડાઈ થાય. અને ટોપી ઘાલતાં ને કાઢતાં હાથ તો જાણે કે સેંથો સંભાળવાને માથે ચડ્યા જ છે. વચમાં વળી સમાજમાં બેઠા હોઈએ ત્યાં સેંથા ઉપર હાથ જવા દઈ વાળને ઠેકાણે રાખવાની જુદી જ અને સભ્ય ક્રિયા તો ચાલ્યા જ કરે.

પણ આટલી ટાપટીપ જ બસ નહોતી. એકલા સભ્ય પોશાકથી થોડું સભ્ય થવાય છે? સભ્યતાના બીજા કેટલાક બાહ્ય ગુણો પણ જાણી લીધા હતા ને તે કેળવવા હતા. સભ્ય પુરુષે નાચી જાણવું જોઈએ. તેણે ફ્રેંચ ઠીક ઠીક જાણવું જોઈએ. કેમ કે ફ્રેંચ ઇંગ્લંડના પાડોશી ફ્રાંસની ભાષા હતી, અને આખા યુરોપની રાષ્ટ્રભાષા પણ હતી, ને મને યુરોપમાં ભમવાની ઇચ્છા હતી. વળી સભ્ય પુરુષને છટાદાર ભાષણ કરતાં આવડવું જોઈએ. મેં નાચ શીખી લેવાનો નિશ્ચય કર્યો. એક વર્ગમાં જોડાયો. એક સત્રના ત્રણેક પાઉંડ ભર્યા. ત્રણેક અઠવાડિયાંમાં છએક પાઠ લીધા હશે. બરોબર તાલસર પગ ન

પડે. પિયાનો વાગે, પણ તે શું કહી રહેલ છે તે ખબર ન પડે. 'એક, બે, ત્રણ' ચાલે, પણ તેની વચ્ચેનું અંતર તો પેલું વાજું જ બતાવે. તે કંઈ ગમ ન પડે. ત્યારે હવે? હવે તો બાવાજીની બિલાડીવાળું થયું. ઉંદરને દૂર રાખવા બિલાડી, બિલાડીને સારુ ગાય, એમ બાવાજીનો પરિવાર વધ્યો; તેમ મારા લોભનો પરિવાર પણ વધ્યો. વાયોલિન વગાડતાં શીખું, એટલે સૂરની ને તાલની ગમ પડશે. ત્રણ પાઉંડ વાયોલિન ખરીદવામાં હોમ્યા ને તેના શિક્ષણને સારુ કંઈ આપ્યા ! ભાષણ કરતાં શીખવાને સારુ ત્રીજા શિક્ષકનું ઘર શોધ્યું. તેને પણ એક ગીની તો આપી જ. બેલનું 'સ્ટેન્ડર્ડ એલોક્યુશનિસ્ટ' લીધું. પિટનું ભાષણ શરૂ કરાવ્યું !

આ બેલસાહેબે મારા કાનમાં ઘંટ વગાડ્યો. હું જાગ્યો.

મારે ક્યાં ઇંગ્લંડમાં જન્મારો કાઢવો છે? છટાદાર ભાષણ કરવાનું શીખીને શું કરવાનો હતો? નાચ નાચીને હું સભ્ય કેમ બનીશ? વાયોલિન શીખવાનું તો દેશમાંયે બને. હું તો વિદ્યાર્થી છું. મારે વિદ્યાધન વધારવું જોઈએ. મારે મારા ધંધાને લગતી તૈયારી કરવી જોઈએ. મારા સદ્વર્તનથી હું સભ્ય ગણાઉં તો ઠીક જ છે, નહીં તો મારે એ લોભ છોડવો જોઈએ.

આ વિચારની ધૂનમાં મેં ઉપલી મતલબના ઉદ્ગારોવાળો કાગળ ભાષણશિક્ષકને મોકલી દીધો. તેની પાસે મેં બે કે ત્રણ પાઠ જ લીધા હતા. નાચશિક્ષિકાને પણ તેવો જ પત્ર લખ્યો. વાયોલિનશિક્ષિકાને ત્યાં વાયોલિન લઈને ગયો. જે દામ આવે તેટલે તે વેચી નાખવાની તેને પરવાનગી આપી. તેની સાથે કાંઈક મિત્ર જેવો સંબંધ થઈ ગયો હતો, તેથી તેની પાસે મારી મૂર્છાની વાત કરી. મારી નાચ ઇત્યાદિની જંજાળમાંથી નીકળી જવાની વાત તેણે પસંદ કરી.

સભ્ય બનવાની મારી ઘેલછા ત્રણેક માસ ચાલી હશે. પોશાકની ટાપટીપ વર્ષો સુધી નભી. પણ હું વિદ્યાર્થી બન્યો.

આત્મકથા : ગાંધીજી
: ૧૯૪૯

→ આ ફકરાઓમાં લેખકના ધર્મસંકટની રજૂઆત અને ભૂમિકા તપાસો.

→ આ ફકરાઓમાં લેખકની શૈલીની અસરકારકતા પર વિવેચન કરો.

→ આ ફકરાઓમાં પોતાની જાત પ્રત્યે ગાંધીજીનું કેવું વલણ છે? એને કઈ રીતે રજૂ કરવામાં આવ્યું છે?

---